# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૨૦** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 20**


**પ્રશ્ન - ૧ :સામાયિક પ્રતિક્રમણને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(ક)(૧) મનના ૧૦ દોષમાંથી પ્રથમના બે, વચનના દોષમાંથી છેલ્લા બે લખો.

**જવાબ - ૧** (ક)(૧) મનના પ્રથમના બે દોષ (૧) અવિવેક (૨) યશની ઇચ્છા (યશોકીર્તિ) વચનના છેલ્લા બે દોષ (૯) નિરપેક્ષ શેષ (૧૦) ગરબડ ગોટા વળે તવું સ્પષ્ટ ઉચ્ચાર વિનાનું બોલે (મુમુક્ષુ) કાયાના (૧) પગ પર પગ ચડાવીને બેસવાથી (કુઆસન) (૪) ઘરનું કામ કરવાથી (સાવદ્ય ક્રિયા) (૭) આળસ મરડવાથી (૧૨) શરીર ચંપાવવાથી/

(૨) પયાસયરા, પણગ, પંચણ્હ, પવજ્જામિ, પડિપુન્નં એ પાંચના અર્થ લખીને કયા પાઠમાં આવે છે તે લખો.

જ.: (૨) પયાસયરા - પ્રકાશના કરનાર લોગસ્સના પાઠમાં સામાયિકનો પાંચમો પાઠ. પણગ- પંચવર્ણી લીલફુગ સેવાળ-આલોચના સૂત્ર ઈરિયાવહી સામાયિકનો ત્રીજા પાઠ પવજ્જામિ - અંગીકાર કરું છું - ચત્તારિ મંગલ પ્રતિક્રમણનો બાવીસમો પાઠ. પડિપુન્નં-પ્રતિપૂર્ણ છે-પ્રતિજ્ઞાસૂત્ર-પાંચમું શ્રમણ સૂત્ર-પ્રતિક્રમણનો સત્તાવીસમો પાઠ

(૩) **નીચેના વાક્યો કયા અતિચાર માટે બંધબેસતા છે તે લખો :**

જવાબ સાથે (૩) ૧) સાસુજી વડા ખાય છે ને બદલે સાસુ જીવડા ખાય છે એમ બોલ્યાં હોય. **જવાબઃ** ઘોસહીણં

૨) વૃદ્ધ અશક્ત સાસુ પાસેથી ત્રણ બાલ્દી ભરીને કપડાં ધોવડાવ્યા હોય. **જવાબઃ** અઈભારે

૩) સામાયિકમાં બેઠા બેઠા સાસુની ભરપેટ નિંદા કરી હોય. **જવાબઃ** વય દુપ્પણિહાણે

૪) સાસુની ગુપ્ત વાતો પાડોશીને કહી હોય. **જવાબઃ** રહસાભક્ખાણે

૫) સાસુની હાંસી ઉડાવી હોય **જવાબઃ** મોહરિએ

૬) સાસુએ સંથારામાં દેવ સંબંધી કામભોગ ભોગવવાની ઇચ્છા કરી હોય. **જવાબઃ** કામભોગા સંસપ્પઓગે

ખ) **કર્મગ્રંથ -૨ના આધારે જવાબ લખો :** (કોઈ પણ પાંચ)

૧) પ્રદેશોદય એટલે શું ?

જવાબ (ખ) :૧) પ્રદેશોદય - અબાધાકાળ પૂર્ણ થતાં ઉદયમાં આવેલા કર્મોના રસને ન અનુભવવો. રસને અનુભવ્યા વિના જ કર્મોનું નિર્જરી જવું તે પ્રદેશોદય છે. જેમ કે ત્રીજા દેવલોકમાં સ્ત્રીવેદનો વિપાકોદય થાય તેવી યોગ્યતા નથી માટે તે કર્મ પ્રદેશોદયથી ભોગવાય છે.

૨) ઉદય વિચ્છેદ એટલે શું ? દૃષ્ટાંત સાથે લખો.

જ. : ૨) ઉદય વિચ્છેદ - જે ગુણસ્થાનથી આગળના કોઈ પણ ગુણસ્થાને જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય તો તે ગુણસ્થાને તે પ્રકૃતિનો ઉદયવિચ્છેદ કહેવાય છે. દા.ત. પહેલા ગુણસ્થાને મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય છે, પણ ત્યાર પછીના સાસ્વાદન આદિ બીજા ગુણસ્થાન પછી ક્યાંય ઉદય ન થવાનો હોય તેને ઉદયવિચ્છેદ કહેવાય.

૩) પહેલા ગુણસ્થાને અંતરાય કર્મની કઈ કઈ પ્રકૃતિનો ઉદય હોય ?

જ. :૩) પહેલા ગુણસ્થાને અંતરાય કર્મની પાંચેપાંચ પ્રકૃતિ ઉદયમાં હોય. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

૪) વીતરાગીને જ્ઞાનાવરણીય કર્મની કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો ઉદય હોય ?

**જ. :૪) વીતરાગને પાંચ જ્ઞાનાવરણીય પ્રકૃતિ ઉદયમાં હોય - મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણી, અવધિજ્ઞાનાવરણીય, મનઃ પર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય.**

૫) અસંખ્યાતા વર્ષવાળા શ્રાવક સમકિતી મનુષ્યને કેટલા અને કયા કયા સંઘયણ અને શરીરનો ઉદય હોય ?

**જ. : ૫) અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળો મનુષ્ય એટલે જુગલિયો હોય. એને એક વજ્રઋષભનારાચ સંઘયણ અને ત્રણ શરીર ઔદારિક - તેજસ - કાર્મણનો ઉદય હોય.**

૬) પેપર લખનાર શ્રાવક-શ્રાવિકા હસવું અને નિંદ્રા આવે ? આવે તો તમને કેટલા ગુણસ્થાનક સુધી આવે ?

**જ. : ૬) હા, અમને હસવું પણ આવે અને નિદ્રા પણ આવે. અમે પાંચમા ગુણસ્થાને છીએ માટે એક પાંચમા ગુણસ્થાને જ આવે.**

---

**પ્રશ્ન - ૨ : આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) મોક્ષ શેની મુખ્યતાથી થાય ?

**જવાબ –૨ : (૧) મોક્ષ આત્મપરિણામોથી અને અધ્યવસાયોની મુખ્યતાથી જ થાય છે.**

(૨) પ્રાણીઓ માટે શું કઠિન છે ?

**જ. : (૨) શબ્દાદિ કામભોગોનો ત્યાગ કરવો પ્રાણીઓ માટે કઠિન છે.**

(૩) સત્ય શું છે ? તેમાં શું કરવું યોગ્ય નથી?

**જ. : (૩) જિનેશ્વર ભગવંતોએ જે માર્ગ બતાવ્યો છે જે તત્ત્વ અને આચાર કહ્યા છે તે જ સત્ય છે તેમાં સંદેહ કરવો યોગ્ય નથી.**

(૪) 'आणाए मामगं धम्मं' એટલે શું ?

**જ. : (૪) પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ જ મારો ધર્મ છે.**

(૫) શેમાં અનાસક્ત રહેવાનું છે?

**જ. : (૫) જીવન અને મરણ બંનેમાં અનાસક્ત રહેવાનું છે.**

---

**પ્રશ્ન - ૩ : ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ પાંચ)**

(૧) કેવળી ભગવાન પરિષહ આવે તો શું કરે ? એનો પ્રથમ બોલ લખો.

**જવાબ–૩: (૧) ઠાણાંગસૂત્ર - (૧) કેવળી ભગવાન પરિષહને સમ્યક્ પ્રકારે અવિચલભાવે સહન કરે, ક્ષમા રાખે, તિતિક્ષા રાખે અને તેનાથી પ્રભાવિત ન થાય. આ પુરુષ નિશ્ચયથી વિક્ષિપ્ત ચિંતાવાળો છે. શોક આદિથી બેભાન છે, તેથી મારા પર આક્રોશ કરે છે. મને ગાળો આપે છે, મારો ઉપહાસ કરે છે, મને બહાર નીકળી જવાની ધમકી આપે છે, મારી નિર્ભત્સના કરે છે, બાંધે છે, રૂંધે છે, છવિચ્છેદ કરે છે, મૂર્ચ્છિત કરે છે, ઉપદ્રવિત કરે છે, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોચ્છનને છીનવી લે છે, છેદન કરે છે, વિચ્છેદન કરે છે, તોડી-ફોડી નાખે છે, લઈ જાય છે.**

(૨) દંડ કેટલા છે ? કયા કયા? કોઈ પણ બે દંડ સમજાવો.

**જ. (૨) દંડ પાંચ છે – <u>(૧) અર્થ દંડ :</u> પ્રયોજનવશ પોતાના માટે અથવા બીજા માટે જીવહિંસા થાય તેવા કાર્ય કરવાં. <u>(૨) અનર્થ દંડઃ</u> પ્રયોજન વિના જીવઘાત થાય તેવાં કાર્ય કરવાં. <u>(૩) હિંસાદંડ :</u> આ વ્યક્તિએ મને માર્યું હતું, મારે છે કે મારશે તેવા ભયથી હિંસાદિ કરવાં. <u>(૪) અકસ્માત દંડઃ</u> અકસ્માત જીવહિંસા થવી, અન્યને મારવા જાય અને અન્ય મરી જાય. (૫) <u>દૃષ્ટિ વિપર્યાસ દંડ :</u> મિત્રને શત્રુ સમજીને વધ કરવો.**

(૩) કેટલા કારણે સૂતા માનવો જાગે ?

**જ. (૩) પાંચ કારણે સૂતા માનવો જાગે છે -**

| | | |
|---|---|---|
| ૧) શબ્દથી | - | અવાજ સાંભળવાથી |
| ૨) સ્પર્શથી | - | કોઈનો સ્પર્શ થવાથી |
| ૩) ભોજન પરિણામથી | - | અર્થાત્ ભૂખ લાગવાથી |
| ૪) નિદ્રાક્ષયથી | - | અર્થાત્ નિદ્રા પૂર્ણ થવાથી |
| ૫) સ્વપ્નદર્શનથી | - | સ્વપ્ન આવવાથી |

(૪) વાયુના પ્રકાર લખો.

જ. : (૪) વાયુના પાંચ પ્રકાર : ૧) આક્રાંતવાયુ - જોરજોરથી ભૂમિ પર પગ પછાડવાથી ઉત્નપન્ન થતો વાયુ ૨) દમાત વાયુ - શંખાદિ ફૂંકવાથી ઉત્પન્ન થતો વાયુ ૩) પીડિત વાયુ - ભીના વસ્ત્રાદિ ઝાટકવાથી ઉત્પન્ન થતો વાયુ ૪) શરીરાનુગત વાયુ - ઉચ્છ્વાસ, અપાન અને ઓડકાર આદિ દ્વારા શરીરમાંથી નીકળતો વાયુ ૫) સંમૂર્ચ્છિમ વાયુ - પંખાના ચાલવાથી ઉત્પન્ન થતો વાયુ.

(૫) સૂત્રની વાંચના શા માટે આપવાની છે ?

જ. : (૫) સુત્રની વાંચના : ૧) શિષ્યોનો શ્રુતસંપન્ન બનાવવા માટે ૨) શિષ્યોના ઉપકાર માટે ૩) કર્મોની નિર્જરા કરવા માટે ૪) વાંચના દ્વારા પોતાના શ્રુતને પુષ્ટ કરવા માટે અને શ્રુતના પાઠન દ્વારા શ્રુતજ્ઞાનની પરંપરા ચાલુ રાખવા માટે.

(૬) સૂત્ર શીખવાના કારણ કયા કયા ?

જ. : (૬) સૂત્ર શીખવાના કારણ - ૧) જ્ઞાનાર્થે ૨) દર્શનાર્થે ૩) ચારિત્રાર્થે ૪) વ્યૂદ્ગ્રહ વિમોચનાર્થે કલેશ - કંકાશના ત્યાગ માટે અને ૫) યથાર્થ ભાવજ્ઞાનાર્થે.

---

પ્રશ્ન - ૪ : જ્ઞાતાધર્મકથાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ પાંચ)

(૧) ધન્ય સાર્થવાહ કેવા પ્રકારના માલ ભરીને વેચવા નીકળ્યા ?

જવાબ - ૪ : (૧) જ્ઞાતાધર્મકથા (૧) ધન્ય સાર્થવાહે ચાર પ્રકારના માલ પાત્રોમાં ભર્યા ૧) ગણિમ = ગણી શકાય એવા નારિયેળ વગેરે (૨) ધરિમ = વજન કરીને લેવાય એવા ગોળ ધાન્ય વગેરે (૩) પેય = પીવાય એવા પ્રવાહી દૂધ, તેલ વગેરે (૪) પરિચ્છેદ્ય = પરિછેદ કરીને લેવાય એવા સોનું - રૂપું વગેરે.

(૨) ધન્ય સાર્થવાહે કયા દેશની સીમા પર શેની ઉદ્ઘોષણા કરાવી ?

જ. : (૨) ધન્ય સાર્થવાહે અંગદેશની સીમા પર ઉદ્ઘોષણા કરાવી કે, ‘‘આગળ આવનારી અટવીમાં મનુષ્યોનું આવાગમન નથી. તે અટવી ઘણી લાંબી છે. તેના મધ્યભાગમાં નંદીફળ નામના લીલા-કાળા વર્ણવાળાં ફળ, ફૂલયુક્ત વૃક્ષો છે, પરંતુ તે ઝેરયુક્ત છે. માટે તે વૃક્ષોની છાયામાં બેસવું નહીં તેમ જ તેનાં ફળ-ફૂલ વગેરે ખાવાં નહીં, જે કોઈ મનુષ્ય નંદીફળ ખાશે અથવા તેની છાયામાં પણ બેસશે તો તેના જીવનનો અકાળે નાશ થઈ જશે. તમારે બીજાં વૃક્ષોનાં ફળ-ફૂલ ખાવાં તેમ જ તેની છાયામાં વિશ્રામ લેવો.

(૩) નંદીવૃક્ષના ફળ ખાવાથી શું અસર થઈ ?

જ. : (૩) નંદીવૃક્ષના ફળ ખાવાથી તાત્કાલિક તો બહુ સુખ લાગ્યું પણ ધીરે ધીરે તે બધાંની અસર વર્તાતા પછી મૃત્યુને શરણ થયા.

(૪) ધન્ય સાર્થવાહ, કઈ નગરીના કયા રાજા પાસે કેવી રીતે ગયા ? શું કર્યું ?

જ. : (૪) ધન્ય સાર્થવાહ અહિછત્રા નગરીના કનકકેતુ રાજા પાસે અતિ મૂલ્યવાન વિવિધ પ્રકારનું રાજાને આપવાયોગ્ય અનેક પદાર્થોનું ભેટણું લઈને ગયા. બે હાથ જોડી રાજાનું અભિવાદન કરીને જયવિજયના શબ્દોથી વધાવીને તે ભેટ રાજાને આપી.

(૫) નંદી ફળના દૃષ્ટાંતથી ભગવાને શ્રમણોને શું બોધ આપ્યો ?

જ. : (૫) નંદીફળના દષ્ટાંતથી ભગવાને કહ્યું કે, ‘હે આયુષ્યમાન શ્રમણો ! અમારા જે નિર્ગ્રંથો કે નિર્ગ્રંથીઓ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થતા નથી,, અનુરક્ત થતાં નથી તે આ ભવમાં પણ ઘણાં શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના પૂજનીય બને છે અને પરલોકમાં પણ દુઃખ પામતાં નથી. જેમ નંદીફળ ન ખાનારા પુરુષો અટવી પાર કરી જાય છે, એ જ રીતે તેઓ અનુક્રમથી સંસાર-અટવીને પાર કરી જાય છે અર્થાત્ સિદ્ધિ પ્રાપ્ત કરે છે તથા જે સાધુ-સાધ્વીઓ, પ્રવજતિ થઈને પાંચે ઇન્દ્રિઓના વિષયોમાં આસક્ત થાય છે તે નંદીફળ ખાનારાની જેમ ચતુર્ગતિરૂપ સંસારમાં પુનઃ પરિભ્રમણ કરે છે. દુઃખ પ્રાપ્ત કરે છે તેમજ આ જન્મમાં પણ પૂજનીય બનતા નથી.

(૬) ત્રણથી ચાર લીટીમાં ઉપસંહાર લખો.

જ. : (૬) ઉપસંહાર - મોક્ષમાર્ગને અંગીકાર કરનારાઓ ચંપાનગરીરૂપ મનુષ્યગતિના પ્રવાસીઓ

છે જેમને ધન્ય સાર્થવાહરૂપ તીર્થંકર ભગવાન મોક્ષની દેશના આપે છે. મોક્ષમાર્ગને અંગીકાર કરનારાઓ માટે ઇન્દ્રિયોના વિષયો વિષમય નંદીફળ જેવા છે. જેના સેવનથી સંસારમાં જન્મ-મરણ થાય છે, જે એનું સેવન નથી કરતા તે અહિ છત્રારૂપ સિદ્ધ ક્ષેત્રમાં પહોંચી જાય છે. નિર્વાણ પામી પરમાનંદ પામે છે.

## અથવા

'સુંસુમા'ના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)

(૧) સુંસુમા કોણ હતી ? તેના માતા-પિતા-નગરી અને દાસનું નામ લખો.

જ. : (૧) સંસુમા બાલિકા હતી. તે રાજગૃહી નગરીમાં રહેતી હતી. તેની માતાનું ભદ્રા અને પિતાનું નામ ધન્ય સાર્થવાહ હતું. તેનો ચિલાત નામનો દાસપુત્ર નોકર હતો.

(૨) ચિલાતને ઘરમાંથી કેમ કાઢી મૂક્યો ?

જ. : (૨) ચિલાત સુસુમાને કેડમાં લઈને રમાડવા જતો. ત્યાં બીજાની કોડીઓ, લખોટીઓ, રમકડાંઓ, ઢીંગલીઓ, માળાઓ, અલંકારો વગેરે ચોરી લેતો હતો તેમ જ કોઈને મારતો, ગાળો દેતો, ઠગતો આદિ ગેરવર્તણૂક કરતો હતો. તેની ફરિયાદ આવતા તેને વારંવાર સમજાવવા છતાં સુધર્યો નહિ માટે તેને કાઢી મૂક્યો.

(૩) ચોરપલ્લી કેવી હતી ? ક્યાં હતી ? ત્યાં કોણ રહેતું હતું ?

જ. : (૩) રાજગૃહી નગરીમાં સિંહગુફા નામની ચોરપલ્લી હતી. તે ઊંચી-નીચી પર્વતમાળામાં એવી રીતે વસેલી હતી કે ચોરની શોધમાં આવેલી સેના પણ તેનો નાશ ન કરી શકે. ત્યાં અત્યંત અધર્મી, ક્રૂર, દઢપ્રહરી કુખ્યાત એવો વિજય ચોર સેનાપતિ રહેતો હતો.

(૪) ધન્ય સાર્થવાહ બહુમૂલ્ય ભેટ લઈને કોની પાસે ગયા ? શા માટે ?

જ. : (૪) ચિલાત ચોર ધન્ય સાર્થવાહને ત્યાંથી ઘણું ધન-કનક અને સુંસુમા દીકરીનું અપહરણ કરી ગયો, ત્યારે પોતાની સુંસુમા દીકરીને પાછી મેળવવા માટે ધન્ય સાર્થવાહ બહુમૂલ્ય ભેટ લઈને કોટવાળ પાસે ગયો.

(૫) ધન્ય સાર્થવાહ કોની જેમ શા માટે ઢળી પડ્યા ?

જ. : (૫) સુંસુમાને ચિલાત દ્વારા હણાયેલી જોઈને ધન્ય સાર્થવાહ કુહાડાથી છેદાયેલ ચંપકવૃક્ષની જેમ, મહોત્સવ પૂર્ણ થતાં નિસ્તેજ બનેલા ઇન્દ્રધ્વજની જેમ ધડામ દઈને પૃથ્વી પર ઢળી પડ્યા.

(૬) નીચેના વાક્યો કોણ કોને કહે છે ?

૧) સુંસુમા નામની પુત્રી મારી રહેશે.

જ. : (૬) ૧) ચિલતા ચોર અન્ય ચોરોને કહે છે.

૨) આપણે કોઈને પણ જીવનથી રહિત ન કરીએ.

જ. :૨) ધન્ય સાર્થવાહે પોતાના પાંચ પુત્રોને કહ્યું.

---

પ્રશ્ન - ૫ : અંતગડ દશાંગ સૂત્રને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) દ્વારિકાનો નાશ શા કારણે થશે ?

જવાબ-૫ :(૧) અંતગડ દશાંગ - (૧) દ્વારિકાનગરીનો વિનાશ - (૧) સુરા (મદિરા), દારૂ (૨) અગ્નિ અને (૩) દ્વિપાયન ઋષિનો કોપ એ ત્રણ કારણોથી થશે.

(૨) કૃષ્ણ વાસુદેવનું મૃત્યુ કેવી રીતે, ક્યાં થશે ?મરીને ક્યાં ઉત્પન્ન થશે ?

જ. : (૨) શ્રી કૃષ્ણ વાસુદેવ રામ-બળદેવની સાથે દક્ષિણી સમુદ્રતટે પાંચ પાંડવો પાસે પાંડુ - મથુરા તરફ જતા હશે ત્યારે રસ્તામાં કૌશામ્બ્રવન ઉદ્યાનમાં વિશાળ વટવૃક્ષ નીચે પૃથ્વી શિલાપટ્ટ પર પીતાંબર ઓઢીને વિશ્રામ અર્થે સૂતા હશે ત્યારે મૃગના ભ્રમમાં જરાકુમાર દ્વારા છોડાયેલા તીક્ષ્ણ તીરથી ડાબો પગ વીંધાશે એ સમયે કાળ કરી વાલુકાપ્રભા નામની ત્રીજી નરકમાં ઉત્પન્ન થશે.

(૩) ભગવાને શ્રીકૃષ્ણને આર્ત્તધ્યાન કરવાની કેમ ના પાડી ?

જ. : (૩) ભગવાને આર્ત્તધ્યાન કરવાની ના પાડતાં કહ્યું, 'કાલાંતરમાં તમે ત્રીજી પૃથ્વીથી નીકળીને આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણી કાલમાં પુંડ્ર જનપદના શતદ્વાર નામના નગરમાં 'અમમ' નામના ૧૨મા તીર્થંકર થશો. ઘણાં વર્ષો સુધી કેળવી પર્યાયનું પાલન કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થશો.'' માટે આર્તધ્યાન ન કરો.

(૪) શ્રીકૃષ્ણએ પદ્માવતીનો દીક્ષા મહોત્સવ કેવી રીતે કર્યો ?

જ. : (૪) કૃષ્ણ વાસુદેવે પદ્માવતી રાણીને પાટ પર બેસાડ્યાં, સુવર્ણ કળશાદિ ૮૬૪ કળશોથી મહાભિનિષ્ક્રમણાભિષેક કર્યો. બધા અલંકારોથી વિભૂષિત કરી એક હજાર પુરુષો ઉપાડી શકે એવી શિબિકામાં બેસાડ્યાં. દ્વારકા નગરીની મધ્યમાં થઈને જ્યાં રૈવતક પર્વત હતો જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાનમાં અરિષ્ટનેમિ તીર્થંકર બિરાજતા હતા ત્યાં લઈ આવ્યા.

(૫) ત્રણ - ચાર લીટીમાં ઉપસંહાર લખો.

જ. : (૫) ઉપસંહાર - કૃષ્ણમહારાજાએ દ્વારકા નગરીના વિનાશની વાત સાંભળીને બીજાને પ્રવજ્યા લેવાની પ્રેરણા કરીને દીક્ષિતોના પરિવાર વ્યવહારની વ્યવસ્થા કરવા નું વચન આપ્યું અને પોતાના પરિવારજનોને પણ દીક્ષાની સહર્ષ અનુમતિ આપીને અજોડ ધર્મદલાલી કરી. તેમના પટરાણી પણ શ્રેષ્ઠ સંયમ પાળી બુદ્ધ મુક્ત થયાં. નારીશક્તિનો પરિચય આપ્યો.

## અથવા

**પ્રશ્ન - ૫ : નિરયાવલિકા સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) સોમિલ કોણ હતો ? કેવો હતો ?

**જવાબ - ૫ :** (૧) સોમિલ વારાણસી નગરીનો રહેવાસી બ્રાહ્મણ હતો. તે ધન-ધાન્ય આદિથી સમૃદ્ધ હતો તેમ જ ચાર વેદ, ઈતિહાસ, નિઘટ્ટુ (કોશ) આદિ ષષ્ટાંગવિદ્ (છ અંગનો જાણકાર) હતો. તે ઉપરાંત અનેક શાસ્ત્રોમાં નિપુણ હતો.

(૨) સોમિલે પ્રવર્જિત થયા પછી કેવા પ્રકારનો અભિગ્રહ ધારણ કરવાનો વિચાર કર્યો ?

જ. : (૨) પ્રવજિત થયા પછી હું આ પ્રકારનો અભિગ્રહ ધારણ કરીશ કે ''જ્યાં સુધી જીવું ત્યાં સુધી નિરંતર છટ્ઠ છટ્ઠ કરતો ચક્રવાત તપસ્યા કરીને સૂર્યની સામે બે હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લઈશ'' આ પ્રકારે વિચાર કર્યો.

(૩) સોમિલને મધ્યરાત્રિએ અનિત્ય જાગરણ કરતાં શું વિચાર આવ્યો ?

જ. : (૩) સોમિલને અનિત્ય જાગરણ કરતાં વિચાર આવ્યો કે, ''હું અત્યંત ઊંચા કુળમાં જન્મેલો, સોમિલ નામનો બ્રાહ્મર્ષિ છું. મેં ગૃહસ્થાશ્રમનાં વ્રતો બરાબર પાલન કર્યા,, આમ્રવન, વડીઓ વગેરે બનાવરાવ્યાં, ત્યાર બાદ હું તાપસરૂપે પ્રવજિત થયો અને તે દિવસથી જ નિરંતર છટ્ઠ, છટ્ઠ તપશ્ચર્યા સ્વીકારીને વિચરૂં છું, પરંતુ હવે મારા માટે યોગ્ય છે કે કાલે સૂર્યોદય થતાં જ ગૃહસ્થ જીવનના સાથીઓ અને તાપસજીવનના સાથીઓને પૂછીને અનેક પ્રાણીઓને વચન દ્વારા સન્માન આપી વલ્કલ વસ્ત્ર પહેરી કાષ્ઠમુદ્રાથી મોઢાને બાંધીને ઉત્તરાભિમુખ થઈ, પોતાના ભંડોપકરણ કાવડમાં નાખી ઉત્તર દિશામાં મૃત્યુ માટે મહાપ્રસ્થાન કરું.

(૪) સોમિલે સુપ્રવજ્યા કરવા માટે શું કર્યું ? અંતે શું કર્યું ?

જ. : (૪) સૌમિલે સુપ્રવજ્યા માટે પૂર્વે સ્વીકારેલા પાંચ અણુવ્રતોનો સ્વીકાર કર્યો. ત્યાર બાદ સોમિલે ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ યાવત- અર્ધમાસખમણ, માસખમણ આદિ તપથી પોતાના આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો સુધી શ્રાવક પર્યાયનું પાલન કરીને અર્ધમાસિક સંલખના કરી અને ત્રીસ ભક્તનો અનશન કરી પૂર્વકૃત પાપસ્થાનની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના સમ્કૃત્વની વિરાધનાને કારણે કાળ કરીને શુક્રાવતંસક વિમાનમાં શુક્ર મહાગ્રહ, દેવરૂપે ઉત્પન્ન થયા.

(૫) ત્રણ-ચાર લીટીમાં ઉપસંહાર લખો.

જ. :(૫) ઉપસંહાર - વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકારવાથી, આલોચના પ્રતિક્રમણ ન કરવાથી સોમિલ વિરાધક થઈ જ્યોતિષીમાં ઉત્પન્ન થયા. અહીં સમ્યક્દર્શન શ્રદ્ધાની મહત્તા પ્રતીત થાય છે તેમ જ સમ્યક્દર્શન વિનાનું ચારિત્ર પાલન સફળ થતું નથી એની પ્રતીતિ થાય છે.

---

**પ્રશ્ન - ૬ : શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**

**(૧) નીચેનામાંથી કોઈ પણ ત્રણ ગાથા પૂર્ણ કરીને ભાવાર્થ લખો :**

(१) कुसग्गे.....

**જવાબ - ૬:** (१) कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ ! लंबमाणए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥

ભાવાર્થ : - ડાભના અગ્રભાગ પર અવલંબીને રહેતું ઝાકળબિંદુ જેમ થોડી વાર જ રહી શકે છે તેમ મનુષ્યજીવન પણ ક્ષણભંગુર છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ ન કર.

ज.: (२) पुढवीकाय.....

ज.: (२)पुढवीकाय मइगओ, उन्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं समयं गोयम ! मा पमायह ॥

ભાવાર્થ : - પૃથ્વીકાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ-મરણ કરતાં ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ પસાર કરે છે. તેથી હે ગૌતમ, મનુષ્યદેહમાં ધર્મારાધન કરવામાં સમયમાત્રનો પ્રમાદ ન કર.

(३) पंचिदियकाय.....

ज.: (३) पंचिदियकाय मइगओ, उक्कोसं जीवो उ संवसे ।
सत्तठ्ठ भवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥

ભાવાર્થ : - પંચેંદ્રિયકાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ-મરણ કરતાં ઉત્કૃષ્ટ સાત કે આઠ ભવ સુધી રહે છે, તેથી હે ગૌતમ સમયમાત્રનો પ્રમાદ ન કર.

(४) धम्मं पि.....

ज.: (४)धम्मं पि हु सद्दहुंत्तया, दुल्लहया काएण फासया ।
इह कामगुणेहिं मुच्छिया, समयं गोयम । मा पमायए ॥

ભાવાર્થ : - ધર્મ પર શ્રદ્ધા થયા પછી પણ સાચા ધર્મનો કાયાથી સ્પર્શ કરો અર્થાત્ તે પ્રમાણે આચરણ કરવું ઘણું જ કઠિન છે, કારણ કે તે ઘણા ધર્મશ્રદ્ધાળુ લોકો પણ સંસારના કામભોગોમાં કે ઈન્દ્રિય વિષયોમાં ફસાયેલા કે આસક્ત થયેલા દેખાય છે, તેથી હે ગૌતમ ! સમયમાત્રનો પણ પ્રમાદ ન કર.

(५) अबले.....

ज.: (५)अबले जह भारवाहए, मा मग्गे विसेमेऽवगाहिया ।
पच्छा पच्छाणुतावए, समयं गोयम ! मा पमायाहँ ॥

ભાવાર્થ : - દુર્બલ ભારવાહક ચાલતા ચાલતા ક્યારેક વિષમ માર્ગ આવી જતાં ધૈર્ય ગુમાવીને મૂલ્યવાન ભાર ત્યાં છોડી દે છે તો તેને ઘેર આવ્યા પછી દરિદ્રતાને કારણે દુઃખી થવું પડે, પસ્તાવું પડે, તેથી હે ગૌતમ ! તમે પણ ક્યારેય પ્રમાદવશ સ્વીકૃત સંયમને અધીરા થઈ છોડશો નહિ, અન્યથા ભારવાહકની જેમ પછી પસ્તાવું પડશે. તેથી સાધક ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

(૨) નીચેનામાંથી કોઈ પણ છ પ્રશ્નના જવાબ લખો :

૧) મનુષ્યજીવન કેવી રીતે પડવાનું છે ?

જ. : (૧) જેમ રાત-દિવસનો કાળ વ્યતીત થતાં ઝાડનાં પીળાં થઈ ગયેલાં પાંદડાં સુકાઈને ખરી પડે છે તેમ મનુષ્યજીવન પડવાનું છે.

૨) વનસ્પતિકાયમાં જીવ કેટલો કાળ પસાર કરે છે ?

જ. : (૨) વનસ્પતિ કાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ-મરણ કરતાં ઉત્કૃષ્ટ અનંતકાળ પસાર કરે છે.

૩) ભગવાન કેટલી વાર ગૌતમને ક્ષણમાત્ર પ્રમાદ ન કરવાનું કહે છે ?

જ. : (૩)૩૬ વાર ભગવાને ગૌતમને ક્ષણમાત્ર પ્રમાદ ન કરવાનું કહ્યું છે.

(૪) જિન માર્ગ કેવો છે ? તેના પર કેવી રીતે ચાલવું ?

જ. : (૪) મહાપુરુષો દ્વારા સેવિત, મહાધોરી માર્ગ છે. તે માર્ગ પર આવતી બાધાઓને દૂર કરીને ચાલવું જોઇએ.

૫) શરીરને કેવા રોગ બળહીન કરશે ?

જ. : (૫) અળાઈઓ, ગૂમડાં, વિસૂચિતા તથા વિવિધ પ્રકારના અન્ય શીઘ્રઘાતક રોગ શરીરને બળહીન કરશે.

૬) ભારવાહકને કેમ પસ્તાવું પડે છે ?

જ. : (૬) ભારવાહક ચાલતાં ચાલતાં વિષમ માર્ગ આવી જતાં ધૈર્ય ગુમાવીને મૂલ્યવાન ભાર ત્યાં છોડી દે છે તેથી દરિદ્રતાને કારણે દુઃખી થવું પડે છે, પસ્તાવું પડે છે.